# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-05-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પાણીની કટોકટીના એંધાણ:

**કચ્છ જિલ્લામાં આકરા ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની કટોકટીના એંધાણ વર્તાઇ રહ્યા છે. જિલ્લાના ૨૦ મધ્યમ સિંચાઈના ડેમોમાં હાલમાં માત્ર ૩૫ ટકા જળજથ્થો બચ્યો છે, જે રાજ્યના અન્ય ઝોનની સરખામણીએ સૌથી ઓછો છે. આ ડેમોની કુલ સંગ્રહક્ષમતા ૩૨૫.૨૬ મિલિયન ક્યુબિક મીટર છે, જેની સામે અત્યારે માત્ર ૧૨૯.૫૦ મિલિયન ક્યુબિક મીટર પાણી ઉપલબ્ધ છે.**

**કાલિયા, રુદ્રમાતા, કાસવતી, નિરોણા અને ગજોડ જેવા પાંચ મુખ્ય ડેમ લગભગ તળિયાઝાટક થઈ ગયા છે, જેમાં જીવંત જળરાશિ ૨૦ ટકાથી પણ ઓછી રહી છે. આ ઉપરાંત, જિલ્લા પંચાયત હસ્તકની નાની સિંચાઇ યોજનાના ૧૭૦માંથી ૯૩ ડેમ સંપૂર્ણ ખાલી થઈ ચૂક્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જો અલ નીનોના પ્રભાવને કારણે ચોમાસું ખેંચાશે તો આગામી દિવસોમાં જિલ્લાની સ્થિતિ વધુ ચિંતાજનક બની શકે છે.**

---

## જિલ્લા પંચાયત પ્રમુખ/ઉપપ્રમુખે જવાબદારી સંભાળી :

**કચ્છ જિલ્લા પંચાયતના 23માં પ્રમુખ તરીકે પ્રભાબેન રબારીએ અને ઉપ પ્રમુખ તરીકે મહાવીરસિંહે જવાબદારી સંભાળી. આજે જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયતના વહીવટદાર અને જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની સત્તાવાર વરણી કરવામાં આવી હતી અને તેમણે ચાર્જ સંભાળી લીધી હતો.તથા અન્ય હોદેદારોની આગામી સામાન્ય સભામાં સત્તાવાર જાહેરાત કરાશે. જિલ્લા પંચાયતમાં**

હોદેદારોની જાહેરાત બાદ હવે સૌની નજર શિક્ષણ સમિતિ, આરોગ્ય, સામાજીક ન્યાય સમિતિ, બાંધકામ,સિંચાઈ સહિતની સમિતિઓના અધ્યક્ષની જાહેરાત પર છે.

---

## પ્રવેશોત્સવ કાર્યક્રમ હેઠળ આંગણવાડીની વિશેષ ઝુંબેશ:

ગુજરાત સરકારના 'પ્રવેશોત્સવ' કાર્યક્રમ હેઠળ ભુજ સહિત સમગ્ર કચ્છ જિલ્લામાં ૩ થી ૫ વર્ષના તમામ બાળકોને આંગણવાડી શિક્ષણનો લાભ આપવા વિશેષ ઝુંબેશ શરૂ કરાઇ છે. આઈ.સી.ડી.એસ. ઘટક ભુજ-૧ દ્વારા આંગણવાડી કાર્યકરો મારફતે ડોર-ટુ-ડોર સર્વે અને નોંધણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

બાળકોની નોંધણી માટે માતા-પિતા કે બાળકનું ઓળખપત્ર આપવું જરૂરી છે, જેની માહિતી 'પોષણ ટ્રેકર' પોર્ટલ પર નોંધાશે. આંગણવાડીમાં બાળકોને મફત પૂરક પોષણ, પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને માસિક ફ્રી આરોગ્ય તપાસ જેવા મુખ્ય ફાયદાઓ મળશે. વાલીઓને આ અભિયાનનો લાભ લેવા અપીલ કરાઇ છે.

---

## પેટ્રોલ ડીઝલના ભાવમાં વધારો:

પેટ્રોલના ભાવમાં આજે પ્રતિ લિટર 2 રૂપિયા 61 પૈસા જ્યારે ડીઝલના ભાવમાં 2 રૂપિયા 71 પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. બે અઠવાડિયામાં આ ચોથો વધારો છે. આ વધારા સાથે, દિલ્હીમાં પેટ્રોલ હવે 102 રૂપિયા 12 પૈસા પ્રતિ લિટર થશે, જ્યારે ડીઝલ હવે 95 રૂપિયા 20 પૈસા પ્રતિ લિટર થશે.

---

## માંડવી ચેમ્બર  દ્વારા લીલા ઘાસચારાનું નિરણ:

માંડવી ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સતત ૧૪મા વર્ષે દાતાઓના સહકારથી રૂ. ૬૦ લાખના ખર્ચે ગાય તેમજ ભટકતા આખલાઓ માટે ૩૬૦ ગાડી લીલાચારાનું ત્રણ માસ સુધી નીરણ કરવાનો સેવાયજ્ઞ શરૂ કરાયો છે.

મામલતદાર પ્રદ્યુમનાસિંહ જેઠવાના હસ્તે આ નીરણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ચેમ્બરના પ્રમુખ વાડીલાલભાઈ દોશીએ જણાવ્યું કે, સંસ્થા દ્વારા છેલ્લા ૧૪ વર્ષમાં રૂ. સાડા છ કરોડ જેટલી રકમનો સદ્‌ઉપયોગ ગૌસેવા માટે કરાયો છે. આ પ્રસંગે દાતાઓનું સન્માન કરાયું હતું અને રૂ. ૬ લાખ ૩૫ હજારનું વધારાનું અનુદાન જાહેર થયું હતું.

---

## પીલુના વૃક્ષો નામશેષ થવાના આરે:

વૈશાખ-જેઠ માસમાં પાવરપટ્ટી પંથકના સીમાડાને રંગીન બનાવતા કચ્છી કુદરતી મેવા સમાન ‘પીલુ’ના વૃક્ષો હવે નામશેષ થવાના આરે છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર છેલ્લા બે દાયકામાં જમીનોના ભાવ વધતાં સરકારી અને ગૌચર જમીનો પર થયેલા દબાણો, કોલસાના કારોબાર અને પવનચક્કીઓના પગપેસારાને કારણે હજારો વૃક્ષોનો સફાયો કરી દેવાયો છે. રાજાશાહી વખતથી પ્રસિદ્ધ અને કવિઓના સાહિત્યમાં સ્થાન પામેલા મધમીઠા પીલુ હવે વગડો વેરાન બનતાં નવી પેઢી માટે માત્ર ભૂતકાળ બની રહ્યા છે.

---

## કંડલા જેટી પર શ્રમિકો માટે અન્નક્ષેત્ર-છાશ કેન્દ્ર:

દિનદયાળ પોર્ટ ઓથોરિટી  અને ભારતીય ચોખા નિકાસકારો ફેડરેશનના ઉપક્રમે કંડલા જેટી નં. ૧૬ ખાતે શ્રમિકો માટે એક અઠવાડિયાના અન્નક્ષેત્ર અને છાશ વિતરણ પ્રકલ્પનું ઉદ્ઘાટન કરાયું હતું.

**DPAના ચેરમેન સુશીલ કુમાર સિંહે ઉનાળાની ઋતુમાં મહેનત કરતા શ્રમિકોના કલ્યાણ માટેની આ માનવતાવાદી પહેલને બિરદાવી હતી.**

**---------------------------------------------------------------------------------------------------**

## ગરમી યથાવત:

**રાજ્યમાં આગામી ચાર દિવસ ગરમી યથાવત્ રહેવાની સંભાવના છે, ત્યારબાદ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટી શકે છે. જોકે, હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીનું 'યલો અલર્ટ' જાહેર કર્યું છે.**

**જિલ્લામાં આજે પણ સવારથી જ આકરી ગરમી અને અસહ્ય બફારો જોવા મળ્યો હતો, જેના કારણે જનજીવન પર અસર પહોંચી હતી.**

**---------------------------------------------------------------------------------------------------**